सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૯ | ૦૩ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૦૯ | ૦૩ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૩ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૪ |

**મે. ચોથા એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં**

**ગાંધીધામ–કચ્છ.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૭૦/૨૦૨૬**

**આંક :**

અરજદાર : – **નરેશ રમેશભાઈ સંગતાણી**

ઉ.વ.૩૭, ધંધો: ડ્રાઈવર,

રહે. મ.નં.૪/બી, ઓ.આર.એચ.

સાધુવાસવાની નગર,

આદીપુર, તા.ગાંધીધામ–કચ્છ.

(હાલે: જયુ.કસ્ટડીમાં)

**વિરૂધ્ધ**

સામાવાળા : – **શ્રી સરકાર.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી આર.કે.માલી**

**સામાવાળા– સરકાર તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી**

**બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે ૨૦ દિવસના વચગાળાના જામીન મેળવવા બાબત અરજી.**

**–: હ રા વ :–**

(૧) અરજી તથા સાથે રજૂ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા. અરજદાર તરફે વિ.વ.શ્રી આર.કે.માલીની દલીલો સાંભળી, તથા સામાવાળા/સરકારશ્રી તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવીની દલીલો સાંભળી. આ કામે અરજી તથા તેની સાથે રજૂ કરવામાં આવેલ દસ્તાવેજો તથા ત.ક.અ.શ્રીનું એફડેવીટ લક્ષમાં લીધેલ.

(૨) અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર/ આરોપી આદીપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૨૨૪૦૪૭૨ /૨૦૨૪ ના કામે બી.એન.એસ.ની કલમ–૩૧૮(૪),૬૧(૨),૩(૫) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(ડી) મુજબના ગુના સબબ જયુડિશિયલ કસ્ટડીમાં હોઈ, બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ દિન–૨૦ ના વચાગાળાના જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી આર.કે.માલી નાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, અરજદારની હાલની આ વચગાળાના જામીન મેળવવા

માટેની અરજી છે. અરજદારના માતાપિતાની તબીયત સીરીયસ છે, બન્નેની ઉંમર ૬૦ વર્ષ ઉપર છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, અરજદારની પત્ની છે અને નાનું બાળક એક વર્ષની ઉંમરનું છે. જેથી તેમના પરીવારની નાણાંની વ્યવસ્થા કરવા માટે અરજદારને દિન-૨૦ ના વચગાળાના (TEMPORARY) જામીન ઉપર મુકત કરવા માટે અરજ કરેલ છે.

(૪) સામાવાળા/સરકારશ્રી તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આરોપીની અગાઉ વચગાળાની જામીન અરજીઓ નામંજુર થયેલ છે. આરોપી વિરુધ્ધ સાયબર ક્રાઈમના ગુનાનો આક્ષેપ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આરોપીએ નામ.ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરેલ, જે વિડ્રો કરેલ છે. આરોપી અવારનવાર વચગાળાની જામીન અરજી કરે છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આરોપી વગર તેમના માતાપિતાની સારવાર થઈ શકે તેમ છે. અરજદાર/આરોપીએ જામીન અરજીમાં જે કારણ જણાવેલ છે તે ટકવાપાત્ર ન હોઈ, અરજદારની વચગાળાની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૫) બન્ને પક્ષકારો તરફેની રજુઆત, અરજદાર/આરોપી સામેનો આક્ષેપીત ગુનો તેમજ કેસનું રેકર્ડ ધ્યાને લીધું. અરજદાર/આરોપી વિરુધ્ધ આદીપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૨૨૪૦૪૭૨ /૨૦૨૪ ના કામે બી.એન.એસ.ની કલમ-૩૧૮(૪), ૬૧(૨),૩(૫) તથા આઈ.ટી.એકટની કલમ-૬૬(ડી) મુજબના ગુનાનો આક્ષેપ છે. સદર

કામ કિ.કે.નં.૬૩૬૯/૨૪ થી પેન્ડીંગ છે. અરજદારની રજુઆત મુજબ તેમના માતાપિતાની તબીયત સીરીયસ હોઈ તેઓની સારવાર કરાવી શકે અને તેમના પરીવારની નાણાંની વ્યવસ્થા કરવા માટે હાલની વચગાળાના જામીન મેળવવા અરજી કરેલ છે. સદર હકીકત લક્ષમાં લેતા, અરજદારના સગા-સબંધીઓ અને મિત્રો અરજદારની ગેરહાજરીમાં પણ તેમના માતાપિતાની સારવાર કરાવી સારસંભાળ રાખી શકે તેમ છે તેમજ તેમના પરીવારની આર્થિક રીતે મદદ કરી શકે તેમ છે. જેથી, અરજદાર તરફે વચગાળાના જામીન ઉપર મુકત થવા માટે જે કારણ જણાવેલ છે તે હાલના તબકકે ગ્રાહય રાખી શકાય તેમ નથી. જેથી, સદર તમામ હકીકતો અને કારણો લક્ષમાં લેતાં, અરજદારને વચગાળાના (TEMPORARY) જામીન ઉપર મુકત કરવા અંગેના કોઈ યોગ્ય અને સબળ કારણો જણાઈ આવતા નથી. આમ, ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર હાલના કેસમાં અત્રેની અદાલતને પ્રાપ્ત થયેલ વિવેકબુધ્ધિની સતાનો ઉપયોગ આરોપીની તરફેણમાં કરવાનું ન્યાયોચિત જણાતું ન હોઈ, હાલની જામીન અરજી નામંજુર કરતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આખરી હુકમ :-**

અરજદાર/આરોપી નરેશ રમેશભાઈ સંગતાણી નાઓને આદીપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૨૨૪૦૪૭૨/૨૦૨૪ ના કામે બી.એન.એસ.ની કલમ-૩૧૮(૪),૬૧(૨),૩(૫) તથા આઈ.ટી.એકટની કલમ-૬૬(ડી) મુજબના ગુનાના કામે ૨૦ દિવસ

માટે વચગાળાના (TEMPORARY) જામીન ઉપર મુકત થવા માટે કરવામાં આવેલ હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

ચુકાદો આજ રોજ તા.૧૩મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ગાંધીધામ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

ગાંધીધામ–કચ્છ.<br>
તા.૧૩–૦૩–૨૦૨૬

(એ.એમ. મેમન)<br>
ચોથા એડીશનલ સેશન્સ જજ<br>
ગાંધીધામ–કચ્છ.<br>
(જજ કોડ નં.જીજ૦૦૬૭૪)